ગુજરાત વિધાનસભા સચિવાલયના
ભોંયતળિયે વાહન પાર્કિંગ સલામતી બાબત

# ગુજરાત વિધાનસભા સચિવાલય

વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેક્ટર-૧૦,ગાંધીનગર,
ક્રમાંક: સા/પ૨(૨૮)(૩)/૯૨૬૨
તા.૧૭/૦૭/૨૦૨૩

<u>પરિપત્ર</u> :-

ગુજરાત વિધાનસભાના અધિકારીઓ / કર્મચારીઓ તેમજ વિધાનસભા સચિવાલયમાં આવેલ અન્ય કચેરીઓના કર્મચારીઓને વાહન પાર્કિંગની સવલત મળી રહે તેમજ સલામતીના ધારાધોરણો જળવાઈ રહે તે માટે આ સચિવાલયની સામાન્ય શાખા દ્વારા વાહન / પાર્કિંગ પાસ ઈસ્યુ કરવામાં આવેલ છે.

સચિવાલય સંકુલમાં આવેલ વિધાનસભા ભવન રાજ્યમાં સલામતીની દ્રષ્ટિએ ટોચ અગ્રતા ધરાવતું અતિસંવેદનશીલ ભવન તરીકેનું સ્થાન ધરાવે છે ત્યારે સલામતીના આવશ્યક ધારાધોરણોનું પાલન કરવું અત્યંત આવશ્યક બને છે.

તાજેતરમાં વિધાનસભા પાર્કિંગમાં વાહનધારકો દ્વારા આપવામાં આવેલ વાહન પાસને નિયમાનુસાર ન લગાવતાં સાઈઝમાં ફેરફાર કરીને, રંગીન ફોટોકોપી ઝેરોક્ષ કરીને એક કરતા વધુ વાહનો પર પાસ લગાવવો, જેને પાસ ઈસ્યુ કરવામાં આવેલ તે વ્યક્તિ સિવાય અન્ય વ્યક્તિને પાસની નકલ આપવા જેવી સલામતીના ધારાધોરણોને ભંગ કરવાની બાબતો આ સચિવાલયના ધ્યાને આવેલ હોઈ ઉક્ત બાબતે વિધાનસભા સલામતીને ધ્યાને લઈ નીચેની બાબતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) જે વાહનધારકને જે વાહન માટે વાહન / પાર્કિંગ પાસ ઈસ્યુ કરવામાં આવેલ છે તે વાહન ઉપર જ પાસ લગાવવાનો રહેશે.

(૨) પાર્કિંગ પાસ દેખાય તે રીતે આગળના ભાગમાં ચોંટાડવાનો રહેશે. (વાહનના ડેસ્ક પર છૂટો પાસ મૂકવો નહી.)

(૩) આપવામાં આવેલ પાર્કિંગ પાસની કોઈપણ સ્વરૂપે રંગીન ફોટોકોપી / ઝેરોક્ષ કરાવીને એક કરતાં વધુ વાહનો ઉપર લગાવવી સલામતીની દ્રષ્ટિએ ગંભીર અને સજાપાત્ર ગુના હેઠળ આવતી બાબત છે.

(૪) પાર્કિંગ પાસ જે વ્યક્તિને આપવામાં આવ્યો હોય તે વ્યક્તિ સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિને મૂળ કે નકલ સ્વરૂપે આપવો તે ગંભીર તેમજ સજાપાત્ર ગુના હેઠળ આવતી બાબત છે.

(૫) વાહન / પાર્કિંગ પાસ વિધાનસભા સંકુલનાં ભોંયતળિયે આવેલ પાર્કિંગમાં વાહનના પ્રવેશ / પાર્કિંગ માટે આપવામાં આવેલ છે. જે વાહન માટે પાસ આપવામાં આવેલ હોય તે સિવાયનું વાહન લઈને ઓફિસે આવવાનું થાય તે દિવસે વાહન બહાર પાર્ક કરવાનું રહેશે.

(૬) જે વ્યક્તિને વાહન પાસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે સિવાય અન્ય વ્યક્તિને કોઈપણ સ્વરૂપે હસ્તાંતરિત કરી શકાશે નહી.

(૭) કર્મચારી/અધિકારીઓએ વિધાનસભાના ઉત્તર તરફના(સ્વર્ણિમ સંકુલ-૧) દ્વારથી જ પ્રવેશ કરવાનો રહેશે. તેમજ દક્ષિણ તરફના(સ્વર્ણિમ સંકુલ-૨) દ્વારથી જ બહાર નીકળવાનું રહેશે.

(૮) વાહન પાસ સાથેનું વાહન પાર્કિંગમાં યોગ્ય રીતે કોઈને અડચણરૂપ ન થાય તે રીતે નિશાન કરેલ બોક્સમાં જ પાર્ક કરવાનું રહેશે. વાહન પાર્કિંગ પાસ સિવાયના વાહનો વિધાનસભા સચિવાલયમાં પાર્ક કરવામાં આવેલા હશે તો સલામતી દ્વારા તે વાહનને લોક મારવામાં આવશે તેમજ દંડ વસૂલ કરવામાં આવશે તેની જવાબદારી જે તે વાહન પાર્ક કરનારની રહેશે.

(૯) વાહન પાર્કિંગ અંગે ઉપરોક્ત તમામ સૂચનાઓ પૈકી કોઈપણ સૂચનાનો ભંગ, નકલ કે છેતરપિંડી કરનારનો પાર્કિંગ પાસ જપ્ત કરવામાં આવશે તેમજ પાર્કિંગ કરવાનો પરવાનો રદ્દ કરી કાયદેસરના પગલાં લેવામાં આવશે.

(૧૦) ઉપરોકત તમામ જોગવાઇઓનું પાલન કરવા સંબંધે વિધાનસભા સચિવાલય તરફ થી મળતી તમામ સૂચનાઓનું સચિવાલય સલામતી / ટ્રાફીક પોલીસ ગાંધીનગર દ્વારા પ્રાથમિકતાના ધોરણે કામગીરી કરવાની રહેશે.

ઉક્ત પરિપત્રનો તાત્કાલિક અસરથી ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(ડૉ. હર્ષિલ પટેલ)
નાયબ સચિવ

**નકલ જાણ અર્થે રવાના:-**

(૧) સર્વે અધિકારીઓ / કર્મચારીઓ, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

(૨) સેકશન અધિકારીશ્રી(સિવિલ / વિદ્યુત), માર્ગ અને મકાન વિભાગ, ગુ.વિ.સ, ગાંધીનગર.

(૩) મુખ્ય દંડકશ્રી, દંડકશ્રી, કોંગ્રેસ પક્ષ અને અન્ય કાર્યાલયો ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

(૪) સલામતી શાખા, સચિવાલય, ગાંધીનગર.